**મે. દેત્રોજના પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, અને ફ.ક.મેજી. સાહેબની કોર્ટમાં,**
**મુ. દેત્રોજ, જી. અમદાવાદ**

ક્રિમીનલ કેસ નં. – 46/2023
આંક – ૭

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– પ્રવિણજી નટવરજી ઠાકોર, રહે – ભલગામ, તા. જી. પાટણ

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ.

–: ઠરાવ:–

આરોપી આજરોજ કોર્ટમાં હાજર થઈ , આંક– ૬ ની કબુલાત પુરશીશ તેમજ આંક– ૫ ની પ્લીથી પોતે હાલના ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરેલ છે. અત્રેની અદાલત ને તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપી તેનાં નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે. અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. આરોપીની રજુઆત તેમજ કબુલાત ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેઈઝ નં. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

– :: હુકમ ::

– આ કામનાં આરોપીને ધી કોડ ઓફ ક્રીમીનલ પ્રોસીઝર, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– (અંકે રુપિયા એકસો પુરા)નો દંડનો હુકમ કરવામાં આવે છે.આરોપી દંડ ન ભરે તો દિન– ૧૦ ( દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૩ માહે મે સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દેત્રોજ

તારીખ : ૧૩/૦૫/૨૩

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

મુ. દેત્રોજ જી . અમદાવાદ